R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 23•ISSUE: 04 DATE: 26-01-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## મુખ્ય ચુંટણી કમિશ્નરની સ્પષ્ટતા : ચુંટણીઓ ઈવીએમથી જ થશે બેલેટ જમાનામાં પાછા નહી ફરીશું

ઈવીએમ હેકીંગ થયાના આક્ષેપો અને દાવ વચ્ચે ચુંટણી પંચે સ્પષ્ટતા કરી છે કે આગામી ચુંટણી ઈવીએમથી જ લડાશે.પંચ કોઈની ધમકી કે દબાણને વશ થઈને બેલેટ પેપર જમાનામાં પાછું નહીં ફરે તેમ ચુંટણી કમિશ્નર સુનિલ અરોરાએ કહ્યુ છે. તેમની આ જાહેરાત સાથે જ બેલેટ પેપર્સથી ચુંટણી કરાવવાની માંગણી કરી રહેલા અને વિપક્ષોને ઝાટકો લાગ્યો છે.સુનિલ અરોરાએ ક હ્યુ કે ઈવીએમનો ઉપયોગ એક ફુટબોલની જેમ કરાઈ રહ્યો છે. અને અનેક લોકો તેના ઉપયોગને મામલે ખોટો પ્રચાર કરી રહ્યા છે.તેમણે કહ્યુ હતું કે જો કે હું આ મામલે ફરી એક વખત સ્પષ્ટ કરી દેવા માંગુ છું કે ખરેખર તો આ મારો મામલો નથી. આ સમગ્ર ચુંટણી પંચનો મામલો છે. આ ચુંટણી પંચના ભુતકાળ અને ભવિષ્યની વાત છે. અમે બેલેટ પેપર્સના યુગમાં પાછા નહીં ફરીએ.

નોધનીય છે કે કે તાજેતરમાં જ લંડનમાં હેકથોન દરમિયાન એક કથિત સાયબર એક્સપર્ટ સૈયદ સુજાએ કહ્યુ હતું કે તે ઈવીએમ ડીઝાઈન ટીમને સભ્ય હતો અને તે ભારતમાં ઉપયોગમાં લેવામાં આવતા ઈવીએમને હેક કરી શકે છે.તેણે દાવો કર્યો હતો કે ૨૦૧૪ની લોકસભા ચુંટણીમાં ગરબડ થઈ હતી.ત્યારબાદ ચુંટણી પંચે દિલ્હી પોલીસને પત્ર લખીને સમગ્ર કેસની તપાસની માંગ કરી છે. જેના પર સંસદ માર્ગની પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. બીજી તરફ વિરોધ પક્ષો તરફથી પણ બેલેટ પેપરથી ચુંટણી યોજવાની માંગ કરાઈ રહી છે. કોગ્રેસ સહિત ઘણા વિરોધ પક્ષો સતત બેલેટ પેપરથી ચુંટણી યોજવાની માંગ કરી રહ્યા છે.

સુનીલ અરોરાએ કહ્યુ કે અમે ઈવીએમ અને વીવીપેટનો ઉપયોગ ચાલુ રાખીશું. અમે કોઈપણ પક્ષ કે જેમાં રાજકીય પક્ષો સામેલ છે તેમની ટીકા અને ફીડબેકનું સ્વાગત કરીશું. અમે આ બધી વસ્તુઓથી ડરવાના અથવા પરેશાન થવાના નથી. અને એવામાં બેલેટ પેપર્સનો સમય ફરી પાછો આવશે નહીં. અને એવા યુગમાં પાછા નથી જવાના જેમાં બેલેટ પેપર્સ ઉંચકવામાં આવે, કાઉન્ટીંગમાં મોડું થાય અને મસલમેન્સની નિમણુંક થાય તેમજ પોલિંગ સ્ટાફની હેરાનગતિ વધે.

જો કે ઈવીએમની સાથે હેકથોન દરમિયાન જે વાતો થઈ છે તેમાં ભાજપના નેતા ગોપીનાથ મુંડેનું અકસ્માતમાં મોત થયું તેનો સાંકળવામાં આવ્યું છે.તેઓ આ ઈવીએમ ને હેકીગ બાબતે જાણકારી ધરાવતા હતા તેથી તેમના મોતની પાછળ ધેરુ રહસ્ય છુપાયેલું છે.જો કે ગોપીનાથ મુંડેના મોતની તપાસ કરાવવાનો મુદ્દો ઉખેડવામાં આવ્યો છે અને તેની રો કે નિવૃત જજની તપાસ કમિટિ દ્વારા જાંચ કરવાની માંગ કરાઈ છે.આમ ઈવીએમનો મુદ્દો બીજા અનેક મુદ્દાઓને આવરી લેશે તેવું જણાઈ રહ્યું છે.

## જાટ સમુદાયએ માંગણી કરી કે તેમને અનામત નહી અપાય તો તેઓ ભાજપને વોટ આપશે નહીં

જાટ નેતાઓએ અનામત અંગેની તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો તેઓ આગામી લોકસભાની ચુંટણીમાં ભાજપને હરાવવાની જાહેરાત કરી છે.ઓલ ઈન્ડીયા જાટ અનામત મહાઆંદોલનના બેનર હેઠળ એકત્ર થયેલા ઉત્તર પ્રદેશ,રાજસ્થાન,હરિયાણા,દિલ્હી અને મધ્યપ્રદેશના જાટ નેતાઓએ જણાવ્યુ હતું કે સરકાર તેમની માંગણીઓનો અસ્વીકાર કરે છે અને જનરલ ક્વોટાને ૧૦ ટકા અનામત આપવાની જાહેરાત કરે છે.જાટઅનામત આંદોલનના લગભગ ત્રણ વર્ષ બાદ ફરીએક વખત આંદોલનનો સુર છેડ્યો છે.

## બંધારણમાં આર્થિક અનામતની જોગવાઇ નથી : નિવૃત જજ ચેલમેશ્વર

મોદી સરકારે ગરીબ સવર્ણોને નોકરી અને શિક્ષણમાં ૧૦ ટકા અનામત આપવાની જાહેરાત ભલે કરી છે પરંતુ આ જાહેરાતને કાયદાકીય પ્રક્રિયા નડે તેમ છે.સુપ્રીમ કોર્ટના નિવૃત જજ જે.ચેલમેશ્વરે કહ્યુ છે કે બંધારણમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે અનામત આપવાની જોગવાઈ છે તેમાં આર્થિક રીતે નબળા વર્ગો માટે આવી કોઈ જોગવાઈ નથી. તેમણે સાંસદ ચુંટવાની હાલની પ્રક્રિયા મામલે કહ્યુ હતું કે સાંસદ બનવા માટે રુ.૫૦ કરોડનો ખર્ચ કરાય છે.અને આ અત્યંત ગંભીર મામલો છે.જે એટલા પૈસાનો ખર્ચ કરે છે તે પૈસા વસુલવાનું જ કામ કરશે નહી કે દેશનું બંધારણ અમલી બનાવવાનું.

એક સમારોહમાં જસ્ટીસ(નિવૃત) ચેલમેશ્વરે કહ્યુ કે બંધારણ મુજબ સંસદ અથવા વિધાનસભાને સમાજના સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોને અનામત આપવાનું કહેવાયું હતું.ઈડબલ્યુંએસ અનામત અદાલતમાં કેટલા અંશ સુધી ટકશે તેની મને માહિતી નથી અને આ જોવાનું બાકી છે. હું માત્ર એટલું જ કહી શકું કે બંધારણમાં તેને મંજુરી નથી.

## ૧૦% ક્વોટા મામલે મદ્રાસ હાઇકોર્ટની કેન્દ્રને નોટિસ

મદ્રાસ હાઈકોર્ટે કેન્દ્ર સરકારને ૧૦ ટકા સવર્ણ અનામત મામલે નોટિસ ફટકારીને ૧૮મી ફેબ્રુઆરી પહેલાં જવાબ માંગ્યો છે.દ્રવિડ મુનેત્ર કઝગમ(ડીએમકે)એ ૧૮મી જાન્યુઆરીએ મદ્રાસ હાઈકોર્ટમાં એવી અપીલ કરી હતી કે કેન્દ્ર સરકારે આપેલી અનામત બંધારણના મુળભુત માળખા પર હુમલો કરે છે.ડીએમકેએ દાવો કર્યો હતો કે અનામત ગરીબી નાબુદી કાર્યક્રમ નથી પણ સામાજિક રીતે પછાત હોય તેવા સમુદાયોના ઉત્થાનનો આશય તેમાં રહેલો છે.ઉલ્લેખનીય છે કે બંધારણમાં ૧૦૩માં સુધારા તરીકે સંસદના બંને ગૃહોએ તાજેતરમાં આ અંગેનું વિધેયક પસાર કરી દીધું છે.

## આખરે કોગ્રેસે તેમનું ટ્રમ્પકાર્ડ ૨૦૧૯ની લોકસભાની ચુંટણીઓ પહેલા ખેલ્યું



છેલ્લા કેટલાક વર્ષોથી જેની કાગડોળે રાહ જોવામાં આવતી હતી તે કોગ્રેસનું ટ્રમ્પકાર્ડ આખરે કોગ્રેસે ઉતારી દીધું. ઈન્દીરા ગાંધીની આબેહુબ પ્રતિકૃતિ ધરાવતા અને તેમની માફક છટા અને પ્રતિભાના દર્શન કરાવતી પ્રિયંકા ગાંધી-વાડેરાને કોગ્રેસે યુપીના મહાસચિવપદે નિયુક્તિ આપી રાજનીતિમાં સત્તાવાર એન્ટ્રી આપી દીધી છે. કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ ઉત્તર પ્રદેશના મહાસચિવપદે પ્રિયંકા ગાંધીની નિયુક્તિની જાહેરાત કરી હતી.તેઓ ફેબ્રુઆરીથી પોતાનો કાર્યભાર સંભાળી લેશે.

પહેલી વાર પ્રિયંકા ગાંધીને સત્તાવાર રીતે પાર્ટીની કામગીરી સોપવામાં આવી છે.અત્યાર સુધી તેઓ પડદા પાછળ રહીને અમેઠી અને રાયબરેલી લોકસભા મતવિસ્તારોમાં કામગીરી સંભાળતા હતા.પ્રિયંકા ગાંધીની સત્તાવાર નિયુક્તિથી કોગ્રેસના કાર્યકરોમાં ઉત્સાહ વર્તાયો હતો. જો કે તેમની નિયુક્તિને કારણે સત્તાધારી પક્ષમાં મુંઝવણ વ્યાપી છે. જો કે કોગ્રેસના અનેક નેતાઓએ આ નિયુક્તિને ગેમચેન્જર ગણાવી હતી. યુપીમાં યોગી-મોદી વિરુધ્ધ પ્રિયંકા અને જ્યોતિરાદિત્ય સિધિયાની ટીમ કામ કરશે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

### ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ભારતીય જનતા પાર્ટીની સરકારે ૨૦૧૯ની લોકસભાની આવનારી ચુંટણીઓને લક્ષમાં રાખીને એક કાંકરે બે પક્ષી મારવાનો અદ્‌ભુત કીમીયો કર્યો છે. દેશના સર્વોચ્ચ પુરસ્કારો આપવાની જાહેરાતમાં એવી વ્યક્તિઓને પસંદ કરવામાં આવી છે જેમના નામે ચુંટણીમાં મદદ મળી શકે. પ.બંગાળના મુળભુત રાજકારણીઓ પૈકીના પ્રણવ દાને સહું પહેલા આરએસએસના સમારંભમાં અતિથિ તરીકે બોલાવીને સન્માન આપ્યું પરિણામે કોગ્રેસમાં તડભડ થઈ હતી. પરંતુ હવે તેમને સર્વોચ્ચ સન્માન આપીને કોગ્રેસની નેતાગીરી અને મતદારોને બે ભાગમાં વહેચી દીધા છે.કેટલાક સરકારનું આ કાર્ય વખાણી રહ્યા છે તો કેટલાક તેને દુરદેશી ચાલ બતાવી રહ્યા છે. ખેર એજ રીતે પુર્વના રાજ્યોમાં જેમની બોલબાલા છે તેવા કેટલાકને આવા સન્માનોથી સન્માનવામાં આવ્યા છે પરિણામે એ વિસ્તારોમાં ભાજપને વોટમાં ફાયદો મળે. માત્ર ઓરિસ્સામાં ભાજપની નીતિ કામયાબ નીવડી નથી. ઓડિસાના મુખ્યમંત્રીની બહેનને પુરસ્કાર આપવાની વાત કરતાં તેમણે સ્વીકારવાનો નનૈયો ભણ્યો અને ગણતરી ઉંધી પડી ગઈ.ખેર ૨૦૧૯ની ચુંટણી માટે સાડાચાર વર્ષમાં આ સરકારને પોતાના કાર્યો બદલ મતદારો વધાવી લે તેવી પ્રબળ આશા રાખી શકાય તેમ નથી તેવું લાગતાં શામ,દામ,દંડ ભેદનો બેખુબીથી ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વિપક્ષી નેતાઓને સીબીઆઈ અને ઈડીની જાળમાં ફસાવવાનું ચક્કર ચાલી રહ્યું છે તેઓ બીજા મોરચો સક્રિય રહે તો ચુંટણીમાં તેમને હરાવવાનું ફાવી જાય તેવી ગણતરીઓ સમજીને ચાલ ચાલી રહી છે. જો કે શિવસેનાએ અને વિપક્ષોએ સરકારની આ ચાલ સામે વિરોધ કરવાનો શરુ કર્યો છે અને સરકારી મીડીયા સામે પણ આક્રોશ ચાલી રહ્યો છે. ખેર,હજુ પ્રચાર મીડીયાની મોટો કાફલો બહાર આવ્યો નથી જેની પર ચુંટણી મદાર છે અને મતદારોને આર્કષવાનો મોટો પ્લાન છે. માત્ર એક વ્યક્તિને આ ચુંટણીની વેતરણી પાર કરવાની છે.જ્યારે મહાગઠબંધન કેવા પરિણામો લાવશે તે પછી નક્કી થશે.

---

વીડીયોકોન લોન કેસમાં આઈસીઆઈસીઆઈના પુર્વ સીઈઓ ચંદા કોચર અને તેમના પતિ વિરુધ્ધ એફઆઈઆર નોધવામાં આવી છે.સીબીઆઈએ આઈસીઆઈસીઆઈના પુર્વ સીઈઓ દ્વારા વિડીયોકોન કંપનીને લોન આપવામાં આવી હતી.૨૦૧૨માં બેન્કે રુ.૩૨૫૦ કરોડની લોનના મામલે સીબીઆઈએ કેસ દાખલ કર્યો છે.ચંદા કોચર અને તેમના પતિ બેઉની વિરુધ્ધ સીબીઆઈએ એફઆઈઆર દાખલ કરેલ છે. જો કે અગાઉ ચંદા કોચરે ૪ ઓક્ટો.૨૦૧૮માં પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.બેન્કના બોર્ડે તેમના કાર્યકાળ સમાપ્ત થયા પહેલા જ પદ છોડવાની માંગને સ્વીકારી ને તેમની જગ્યાએ સંદિપ બક્ષીને નવા મેનેજીંગ ડીરેકટર અને ચીફ એકઝીક્યુટીવ ઓફિસર નિયુક્ત કર્યા હતા.હવે સવાલ એ છે કે જેમણે લોન આપી અને જેમણે લોન લીધી બેઉ વચ્ચે જે કોઈ વચેટીયા અને લાભાર્થી હોય તેમને જેલના સળીયા ગણાવી દેવા જોઈએ. જો કે રાજકારણીઓ પર ગાળીયો ફીટ કરવો એટલો સહેલો નથી પરંતુ આવી મોટી લોનોમાં તેઓનો હાથ જરુરથી હોય છે.અત્યાર સુધી મોટી લોનો લઈને દેશ છોડી ભાગી ગયેલા ભાગેડુઓના સાથીદારો તો આ દેશમાં જ છે. તેમને સકંજામાં લેવા જોઈએ.

રસીકભાઈ જે. પટેલ

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬




ગાંધીનગર ખાતે યોજાયેલી વાઈબ્રન્ટ સમીટના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણી નજરે પડે છે.

## વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટનું વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ઉદ્‌ઘાટન કર્યું

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટની નવમી કડીનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યપાલ,મુખ્યમંત્રી,નાયબ મુખ્યમંત્રી, ૧૫ પાર્ટનર દેશોના ઉચ્ચ પ્રતિનિધિઓ,ઉઝબેકીસ્તાન,માલ્ટા,ડેન્માર્ક, ચેક રિપલ્બિકના વડાપ્રધાનો, મુકેશ અંબાણી,ગૌતમ અદાણી, સહિતના ટોચના ભારતના ઊદ્યોગપતિઓ,સીઈઓની મંચ પર ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કર્યુ હતું.જેમાં તેમણે ભારતમાં મુડીરોકાણ કરનારાઓને વિશ્વસ્ત કર્યા હતા. તથા તેમણે ભારતમાં મુડીરોકાણને કારણે પાછળના ચારવર્ષો દરમિયાન ભારતે આર્થિક,નાણાંકીય,માળખાકીય,આરોગ્ય, પ્રવાસન, વેરાકીય સહિતના ક્ષેત્રે જે હરણફાળ ભરી છે તેના પરિણામે વૈશ્વિક ઊદ્યોગ સાહસિકો માટે ભારતમાં મુડી રોકાણનો આદર્શ સમય છે અને તક છે તે માટે આમંત્રણ આપ્યું હતું.

---

## ઓસ્ટ્રેલીયામાં ભારતે વન-ડે સીરીઝ જીતીને ઇતિહાસ રચ્યો




મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ત્રીજી વનડેમાં ભારતે સાત વિકેટે ઓસ્ટ્રેલીયાને પરાજય આપ્યો છે. આ સાથે જ ભારતે ત્રણ મેચની સીરીઝ જીતી લીધી છે ભારતે પહેલી વખત ઓસ્ટ્રેલીયામાં વન-ડે સીરીઝ પોતાના નામે કરી છે.૧૯૪૭થી ટેસ્ટ મેચ રમનારી ભારતીય ટીમે ૭૦ વર્ષે ઓસ્ટ્રેલીયાને તેમના ઘર આંગણે ટેસ્ટ સીરીઝમાં પરાજય આપ્યો છે. આ ભારતીય ટીમે વધુ એક ઈતિહાસ રચ્યો છે.૧૧ વર્ષ બાદ ભારતે મેલબોર્ન ક્રિકેટ સ્ટેડીયમમાં ઓસ્ટ્રેલીયાનો પરાજય આપ્યો છે.વધુમાં મહેન્દ્રસીગ ધોનીએ ઓસ્ટ્રેલીયામાં રમાઈ રહેલી ત્રણ વનડે મેચોમાં અડધી સદી નોધાવી હતી અને જીતમાં મહત્વનો ફાળો આપ્યો હતો.તેમણે તેમની હાજરી કેટલી મહત્વની છે તે સિધ્ધ કરી દીધું છે. જેથી તેમની બાદબાકી કરનારાઓએ આ બાબતે વિચારવું જોઈએ. આ પહેલા ભારત ટેસ્ટ સીરીઝ પણ જીતી ચુક્યુ હતું.

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા,
અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

# (30 જાન્યુઆરી - ગાંધી નિર્વાણદિન નિમિત્તે)

## ગાંધીજીની ઝૂંપડી
### ઈવાન ઈલિચ

(મેક્સિકોના વિશ્વ પ્રસિદ્ધ વિચારક ઈવાન ઈલિચ જાન્યુઆરી ૧૯૭૮માં સેવાગ્રામ (વર્ધા)માં 'વિશ્વ નિર્ધન સમાજ માટે ટેકનીક' સંમેલનના ઉદ્‌ઘાટન માટે આવ્યા હતા. પોતાના પ્રવાસ દરમિયાન તેમણે પોતાનો મોટા ભાગનો સમય ગાંધીજીની ઝૂંપડીમાં વિતાવ્યો અને પોતાના ઉદ્‌ઘાટન ભાષણમાં અનોખી શૈલીમાં શાંતિ તત્ત્વનું વિવેચન કર્યુ. સં.)

મારા મિત્રો,

મહાત્મા ગાંધી જ્યાં રહેતા હતા એ ઝૂંપડીમાં હું આજ સવારથી છું. હું એમના વિચાર, દર્શન તથા સંદેશથી એક આત્મ-પ્રેરણા મેળવી રહ્યો છું. એની એક બાજુ આધ્યાત્મિક છે અને બીજી છે સાધનો-સગવડોનું મહત્ત્વ. આ ઝૂંપડીને બનાવવા પાછળ ગાંધીજીનો કયો દ્દષ્ટિકોણ હતો એ સમજવાનો પ્રયત્ન કરી રહ્યો છું. એની સાદગી, સુંદરતા અને સ્વચ્છતા મને બેહદ પસંદ આવી છે. આ કુટી પ્રેમના સિદ્ધાંત અને સર્વસમભાવનો નિરંતર ઘોષ કરે છે. મને મેક્સિકોમાં જે મકાન આપવામાં આવ્યું છે, તે ઘણી રીતે આ ઝૂંપડી જેવું છે, એટલા માટે હું એના મૂળ ઉદ્દેશને સમજી શકું છું. આ ઝૂંપડીમાં સાત પ્રકારના ઓરડા છે. જ્યારે તમે દાખલ થાવ છો તો તમારાં પગરખાં ઉતારવાની એક જગા છે, જેથી તમે સ્વસ્થ ચિત્તે અંદર જઈ શકો.પછી વચમાં એક ઓરડો છે. જે એટલો મોટો છે કે એમાં એક મોટો પરિવાર રહી શકે. આજે સવારે ચાર વાગ્યે હું પ્રાર્થના માટે બેઠો તો મારી સાથે બીજા ચાર લોકો હતા, જે એક દીવાલને અડીને ઊભા હતા અને બીજી બાજુ પણ એક વિશાળ જગા હતી, જ્યાં લોકો પાસેપાસે બેસી શકે. ત્રીજો ઓરડો ગાંધીજી પોતે બેસતા અને કામ કરતા હતા, એ સિવાય બીજા બે ઓરડા હતા- એક મહેમાનો માટે અને બીજો દરદીઓ માટે. અહીં એક ખુલ્લો વરંડો અને શૌચ વગેરે માટે સ્નાનઘર પણ છે. ઝૂંપડીના આ બધા ઓરડા એક-બીજા સાથે સંકળાયેલા છે.

જ્યારે હું સીધો હિન્દુસ્તાનીઓની દ્દષ્ટિએ વિચારું છું, તો મને લાગે છે કે કોઈ ધનવાન માણસ આ ઝૂંપડીમાં આવે, તો એની મજાક ઉડાવે. આ ઝૂંપડી કરતાં મોટા મકાનની કોઈને આવશ્યકતા હોય એવું મને લાગતું નથી. આ ઝૂંપડી વાંસ અને માટીના ગારાથી બની છે, એનું નિર્માણ લોકોના હાથે થયું છે, મશીનથી નહીં. હું એને ઝુંપડી કહી રહ્યો છું. પરંતુ વાસ્તવમાં એ ઘર છે. ઘર અને આવાસમાં અંતર હોય છે. જ્યાં માણસ પોતાનાં બિસ્તરાપોટલાં અને ફર્નીચર વગેરે રાખે છે, તે આવાસ કહેવાય છે. ત્યારે એની સુરક્ષા અને ફર્નીચર વગેરેનું ધ્યાન માણસ કરતાં વધારે રાખવું પડે છે. દિલ્હીમાં મને જ્યાં રાખવામાં આવ્યો હતો, તે આવાસ હતો, કારણ કે એમાં અનેક પ્રકારની સગવડો હતી. સિમેન્ટ અને લોખંડથી બનેલો આવાસ પેટી જેવો હોય છે. જેમાં ફર્નીચર અને અન્ય સામાન રહે છે. આ શાન મેળવવા માટે આપણે આખું જીવન ખર્ચી નાખીએ છીએ. તોપણ એનાથી આપણને આંતરિક તાકાત મળતી નથી. કહેવાનો અર્થ એ છે કે આ સામાન વ્યક્તિને અપંગ બનાવી દે છે. એટલે કે જેટલી વધારે સગવડો એટલી નિર્ભરતા વધે છે. ત્યારે આપણું જીવન બંધિયાર અને સીમિત થઈ જાય છે. જ્યારે હું ગાંધીજીની ઝૂંપડીમાં મૂકેલા ફર્નીચરને જોઉં છું, ત્યારે એની પર નિર્ભર રહેવું પડતું હોય એમ લાગતું નથી. બધા પ્રકારની સગવડોથી ભરપૂર આવાસથી એ નક્કી થઈ જાય છે કે આપણે દુર્બળ બની ગયા છીએ. આપણામાં જીવનશક્તિનો હ્રાસ જેટલો થાય છે, એટલા જ આપણે વસાવેલા સામાન પર નિર્ભર બનતા જઈએ છીએ. જનસમુદાયના આરોગ્ય માટે. હૉસ્પિટલ પર નિર્ભર રહીએ છીએ કે બાળકોના શિક્ષણ માટે સ્કૂલોનો આશ્રય લઈએ છીએ. હૉસ્પિટલ અને સ્કૂલ દેશના લોકોનું આરોગ્ય અને શિક્ષણનું પ્રતિબિંબ બને એ સૌભાગ્ય સૂચક નથી. વાસ્તવિકતા તો એ છે કે મોટી સંખ્યામાં હૉસ્પિટલો હોવી, એ લોકોની રોગિષ્ઠ દશા દર્શાવે છે. અને વધારે સ્કૂલોથી અજ્ઞાનની ઝલક મળે છે. ઠીક એ રીતે જીવનમાં સગવડોના બાહુલ્યથી માનવીય જીવનમાં સૃજન ક્ષમતાની ઊણપ દેખાય છે.

વધારેમાં વધારે સગવડોથી યુક્ત લોકોને ઉચ્ચ કોટિમાં ગણવામાં આવે છે એ દુર્ભાગ્યની વાત છે. જેમાં રોગને વધારે મહત્ત્વ આપવામાં આવે અને કૃત્રિમ પગવાળા લોકોને ઊંચા માનવામાં આવે એવા સમાજને નીતિવિહીન નહીં માનવામાં આવે? ગાંધીજીની આ ઝૂંપડીમાં બેસીને આ પ્રકારની વિકૃત વિચારધારા વિષે વિચારીને હું દુઃખી થઈ ગયો છું. હું એ નિર્ણય પર પહોંચ્યો છું કે ઔદ્યોગિક સભ્યતાને માનવ વિકાસ માટે પ્રશસ્ત માર્ગ માનવો બિલકુલ ખોટું છે. આર્થિક ઉન્નતિ માટે ઉત્પાદન વધારનારા મોટા મોટા મશીનો અને વધારે એન્જિનિયરો, ડૉક્ટરો અને પ્રોફેસરોની આવશ્યકતા નથી એ સિદ્ધ થઈ ચૂક્યું છે. મને પાકો વિશ્વાસ થઈ ગયો છે કે આવા લોકો દિલ અને દિમાગથી દુર્બળ હોય છે. એમની જીવનશૈલી એવી હોય છે કે તેઓ ગાંધીજીની આ ઝૂંપડીથી મોટી વિશાળ જગામાં રહેવાનું પસંદ કરે છે. મને એમના પર દયા આવે છે. એમણે પોતાની આ રહેણીકરણીથી પોતાને સંપૂર્ણ પરાશ્રિત કરીને જડ મકાન માટે સ્વયંને પણ જડવત્ બનાવી દે છે. જીવનક્રમમાં એમના શરીરનું લચીલાપણું અને જીવન શક્તિ નષ્ટ થઈ જાય છે, એમનો કુદરત સાથેનો સંબંધ તૂટી જાય છે અને સાથેના લોકોથી અંતર વધી જાય છે.

આજના યોજનાકારોને હું કહું છું કે ગાંધીજીની સાદી-સીધી, સરળ વિચારધારાને કેમ ગ્રહણ નથી કરતા? એમનો ઉત્તર હોય છે કે ગાંધીજીનો માર્ગ બહુ જ કઠણ છે અને સામાન્ય લોકો એને અપનાવવા માટે અસમર્થ છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ગાંધીજીના સિદ્ધાંતમાં કોઈ પણ વચેટિયાને સ્થાન નથી. કેન્દ્રીયકૃત પ્રણાલીને એ સહન નથી કરતા. સત્ય અને અહિંસાનો સીધો સાદો નિયમ પણ સમજમાં નથી આવતો એ કેવી વાત છે? લોકો પોતાના લક્ષને પામવા માટે અસત્ય અને હિંસાને સાચી માને છે એ તર્ક શું સાચો છે? એવું નથી. સામાન્ય માણસ સારી રીતે સમજે છે કે સાચા સાધનોથી જ સાચું લક્ષ મેળવી શકાય છે. એ તો કેટલાક સ્વાર્થી લોકો છે, જેઓ આ દર્શનને સમજવા માટે મોં ફેરવી લે છે. ધનવાન લોકો ક્યારેય પણ આ સમજવાના નથી.



જ્યારે હું ધનવાન લોકો કહું છું ત્યારે તેનું તાત્પર્ય એ છે કે એ લોકોએ એવી જીવનની બધી સગવડો મેળવી લીધી છે, જે સામાન્ય માણસ માટે ઉપલબ્ધ નથી. એમની રહેણી-કરણી, ખાણી-પીણી, હરવું-ફરવું અને ઉપભોગની પદ્ધતિ એવી છે કે તેઓ સત્યને ઓળખવાની ક્ષમતા ખોઈ ચૂક્યા છે એમને માટે ગાંધીજી એક કોયડો બની ગયા છે. એવા લોકો માટે સાદાઈનો કોઈ અર્થ નથી. એમની હાલત એમને સત્યનો સાક્ષાત્કાર કરતાં રોકે છે. એમનું જીવન ગૂંચવાડાથી એવી રીતે ભરેલું છે કે તેઓ પોતે જ પોતે રચેલી જાળમાંથી બહાર નથી નીકળી શકતા.સારુલક્ષણ એ છે કે મોટા ભાગની જનતા પાસે એટલું ધન નથી કે તેઓ સાદાઈના સત્યથી અસ્પૃષ્ઠ રહી શકે. સાથે સાથે તેઓ એટલા સાધન વગરના દરિદ્ર પણ નથી કે આ દર્શનને સમજી ન શકે. સત્યના સિદ્ધાંતને નકારનારા દરેક ધનવાન માણસે રાષ્ટ્રના આત્મા સાથેનો સંબંધ તોડી નાંખ્યો છે. એ બિલકુલ સ્પષ્ટ છે કે આત્મનિર્ભર સમાજમાં જ મનુષ્યની ગરિમા જળવાઈ રહે છે અને જ્યારે આ સમાજ ઉત્તરોત્તર ઔદ્યોગિકરણ તરફ આગળ વધે છે, ત્યારે માનવીય ગરિમાને ઠેસ પહોંચે છે. આ ઝૂંપડીનો સંદેશ છે કે વ્યક્તિ અને સમાજ સાથે સાથે ચાલે છે ત્યાં આનંદ રહે છે. એટલા માટે આત્મનિર્ભરતા એક કૂંચી છે. આપણે સારી રીતે સમજવું જોઈએ કે બિનજરૂરી વસ્તુઓથી મનુષ્યની શક્તિ ઘટે છે કે એનાથી સુખની વૃદ્ધિ થાય છે? આ વિષે ગાંધીજીએ વારંવાર કહ્યું હતું કે આવશ્યકતા મુજબ જ ઉત્પાદન કરવું જોઈએ.આજે તો હદથી વધારે ઉત્પાદન થાય છે અને નિરંકુશ વધતું જાય છે. આજ સુધી આપણે આ બધું સહેતા આવ્યા છીએ. પરંતુ હવે એ સમય આવી ગયો છે, માણસ સારી રીતે સમજી ગયો છે કે મશીનો પર વધુને વધુ નિર્ભર રહેવું એટલે આત્મહત્યા તરફ જવું એ છે. સભ્ય કહેવાતા ચીન અને અમેરિકા જેવા દેશોએ સમજી ગયા છે કે ઉન્નતિનો આ રસ્તો સાચો નથી. મનુષ્યોને એ લાગવું જોઈએ કે દરેક માણસ અને આખા સમાજની ભલાઈ માટે તેણે આવશ્યક વસ્તુઓ જ રાખવી એ પૂરતું છે. આપણે એવા પગલાં ભરવા પડશે, જેથી આ વિચારને પૂરેપૂરી સ્વીકૃતિ મળે અને આજની દુનિયાના મૂલ્યોમાં પરિવર્તન આવે. આ પરિવર્તન સરકારી દબાણ કે કેન્દ્રિયકૃત સંસ્થાઓના માધ્યમથી ન આવવું જોઈએ. એના માટે પ્રબળ જનમત બનાવવાની જરૂર છે જેથી જેના દ્વારા મૂળભૂત સમાજની રચના થાય છે એ લોકોની સમજમાં આવી શકે. એ માટે પ્રબળ જનમત ઊભો કરવાની જરૂર છે. આજે કાર ચલાવનારો માણસ સાઈકલ ચલાવનારા માણસ કરતાં પોતાને મોટો માને છે. પરંતુ સામાન્ય માપદંડની દ્દષ્ટિએ જોઈએ તો સામાન્ય જનતાનું વાહન સાઈકલ જ છે. એટલા માટે સાઈકલને મહત્ત્વ આપવું જોઈએ અને સડકોની યોજના એ રીતે બનાવવી જોઈએ કે પૂરી પરિવહન વ્યવસ્થા સાયકલના આધારે ઊભી થઈ શકે. કારને બીજું સ્થાન આપવું જોઈએ. પરંતુ સ્થિતિ બિલકુલ ઊલટી છે. બધી સડક યોજનાઓ મુખ્યત્વે કારને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે અને સાયકલને ગૌણ સ્થાને રાખવામાં આવી રહી છે. આ રીતે સામાન્ય માણસની આવશ્યકતાઓને ઉચ્ચ વર્ગની આવશ્યકતાઓ સામે મહત્ત્વહીન માનવામાં આવી રહી છે. ગાંધીજીની ઝુંપડીએ પ્રદર્શિત કરે છે કે સામાન્ય માણસનું મહત્ત્વ કેવી રીતે સમજી શકાય. આ સુખદ સંકેત છે કે આપણે સાદગીના સિદ્ધાંતને અપનાવીને સેવા અને સત્યનિષ્ઠા સરળતાથી મેળવી શકીશું. આશા છે 'દ્વિતીય વિશ્વ નિર્ધન સમાજ માટે ટેકનીક' પર આધારિત ગોષ્ઠિમાં આ સંદેશ પર આપ વિચાર કરશો. (સપ્રેસ) નવનીતમાંથી સાભાર

# ભાજપ દેશને વિભાજીત કરી રહ્યો છે : કેજરીવાલ



આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બરનાલાથી પંજાબમાં પાર્ટીની લોકસભા ચુંટણી અભિયાનની શરુઆત કરી હતી.તેમની આ પંજાબ મુલાકાત દરમિયાન તેમણે ભાજપ પર પ્રહારો કરતાં કહ્યુ હતું કે ભાજપ દેશને વિભાજીત કરવાનું કામ કરે છે.પોતાની પાર્ટી છોડી દેનારા નેતાઓને તેમણે લાલચુ કહ્યુ હતા. તેમણે ઉમેર્યુ હતું કે જેમને જવાનું હતું તેઓ ચાલ્યા ગયા છે.હવે પાર્ટીની મજબુતીને કોઈ જોખમ નથી.તેમણે એલાન કર્યુ હતું કે પંજાબમાં તેમને કોઈના સહારાની જરુર નથી.પાર્ટી પંજાબમાં તમામ ૧૩ લોકસભાની સીટો પર પોતાના દમ પરજ ચુંટણી લડશે.આ દરમિયાન કેજરીવાલે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ હતું કે ભાજપ દેશને જાતિ અને ધર્મના નામે વિભાજીત કરે છે. તમામ વર્ગના લોકો ભાજપની સરકારથી દુખી છે.અને પોતે છેતરાયાનો અહેસાસ કરી રહ્યા છે.

જો કે ભાજપ તરફથી દિલ્હીમાં તેમના શાસને વેરવિખેર કરવા માટેના પ્રયત્નો હજુ પણ ચાલુ છે પરંતુ તેમાં તેઓ સફળ થવાના નથી.દેશભરમાં તેમની વિજયપતાકાને માત્ર દિલ્હીમાં કેજરીવાલની પાર્ટીએ રોકી હતી તેથી ભાજપની નારાજગી હોય તે સ્વાભાવિક છે.

# કેન્દ્રની સરકાર પર આરએસએસના વડા ભાગવતે ટીકા કરતાં ભાજપની મુંઝવણો વધી

મોદી સરકારની આર્થિક નીતિઓ સામે નારાજગી વ્યક્ત કરતાં આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યુ હતું કે દેશમાં બેરોજગારી અને મોંઘવારી વધી છે. અને તેની અસર દરેક નાગરિકને ભોગવવી પડશે.દરેક જણને સરકારી નીતિઓ અસર કરતી હોય છે હું તમારા માટે કોઇ નીતિ તૈયાર કરતો નથી. પણ આપણે બધાએ તે ભોગવવું પડશે. મોઘવારી વધી છે. તેને મે કે તમે વધારી નથી. પણ આપણે બધાએ તેને સહન કરવી પડશે. બેરોજગારી વધી છે તેને પણ મે કે તમે વધારી નથી પણ સહન તો આપણે જ કરવાની છે.તેથી હું કહું છું કે આ રીતે સહન કરતાં આપણે આ દેશમાં રહેવાનું શીખી જવું પડશે. તેમ ભાગવતે નાગપુરમાં પ્રહાર સમાજ જાગૃતિ સંસ્થાની સિલ્વર જ્યુબીલી કાર્યક્રમમાં જણાવ્યુ હતું. ભાગવતે આ સાથે મોદી સરકારની એમ કહીને ટીકા કરી હતી કે યુધ્ધ ચાલતું નથી તો પછી આટલા બધા જવાનો શહીદ કેમ થાય છે. મોઘવારી અને બરોજગારી અંગેનું તેમનું નિવેદન સંઘના અને કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી દ્વારા વારંવાર આ અંગે થઇ રહેલી ટીકાઓ પછી આવ્યું છે.મોહન ભાગવતે કહ્યુ હતું કે હાલમાં દેશ કોઇની સાથે યુધ્ધ કરી રહ્યો નથી તો પછી આટલી વધી સંખ્યામાં શા માટે જવાનો શહીદ થઇ રહ્યા છે.ભાગવતે એમ કહ્યુ કે સરકાર પોતાનું કામ સરખી રીતે કરી રહી નથી તેના કારણે આમ થઇ રહ્યું છે. જ્યારે દેશને અંગ્રેજોથી આઝાદી મળી નહોતી તે વખતે સ્વતંત્રતા માટે જીવની કુરબાનીનો દોર ચાલતો હતો. કે પછી આઝાદી પછી જ્યારે યુધ્ધ થયું ત્યારે સૈનિકો શહીદ થતા હતા. આપણા જવાનો દુશ્મનો સમામે પોતાના જીવની બાજી લગાવીને લડતા હતા અને સરહદની સુરક્ષા કરતા હતા તેમ જણાવીને ભાગવતે સવાલ કર્યો હતો કે જ્યારે યુધ્ધ ચાલી રહ્યું નથી ત્યારે શા માટે જવાનો શહીદ થઇ રહ્યા છે? એનો અર્થ એ થયો કે સરકાર તેનું કામ યોગ્ય રીતે કરતી નથી. તેમણે જવાનોની બેકારણ શહીદી રોકવા માટે સરકારને અનુરોધ કર્યો હતો.

## અનામત વર્ગમાં નથી તેવી જાતિઓને બિનઅનામતના પ્રમાણપત્રો અપાશે

રાજ્યના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા બિન અનામત વર્ગની જાતિઓ નક્કી કરાઇ છે.આ યાદીમાં બિન-અનામત વર્ગની નવી જાતિઓ અને પર્યાવાચી શબ્દોનો સમાવેશ કરાયો છે.છતાં કોઇ બિન-અનામત જાતિનો સમાવેશ કરવાનો રહી ગયો હોય તેના માટે પણ જોગવાઇ કરાઇ છે.આવા ઉમેદવારોને મુશ્કેલી ન પડે તે માટે અનામત વર્ગમાં સામેલ ન હોય તે માટે અનામત વર્ગમાં સામેલ ન હોય તેવી જાતિના ઉમેદવારોને બિન-અનામત વર્ગમાં ગણીને સક્ષમ અધિકારીઓએ પ્રમાણપત્ર આપવાનું રહેશે.સરકાર મજુબ, પરિશિષ્ટ-છમાં એ બિન અનામત હિંદુ જાતિઓમાં પર્યાવાચી શબ્દો-નવી જાતિઓ ઉમેરી છે.જેમાં ૧૩-એ રાજપુત ગરાસીયા, હિંદુ દરબાર(જે એસઈસીબી-ઓબીસીમાં ન હોય તે)૪૨-એ, ભાનુશાળી,કચ્છ ભાનુશાલી,સિંધી ભાનુસાળી,ભાનુશાલી ૪૨-બી, હાલારી, કંસારા,૪૨બી મોઢ પટેલ(જે એસઇબીસી-ઓબીસી નહોય તે)૪૨-ડી કંદોઇ સુખડીયા (જેએસઇસીબી-ઓસીબીમાં ન હોય નો સમાવેશ કરાયો છે.સરકારે છઠ્ઠી ડિસે.,પરિશિષ્ટ-ચમાં સુધારા કરીને તમામ બિન-અનામત જાતિઓને સમાવવા પ્રયત્ન કર્યો છે.સરકારે બિન અનામતમાં હિદુ,મુસ્લીમોની નવી જાતીઓનો ઉમેરો કર્યો છે.

## પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ એનપીએ વધારા સામે આરબીઆઇની ચેતવણી

રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાએ નાની વેપારી સંસ્થાઓને મદદ કરવા માટેની સરકારની અગ્રણી યોજના પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ બિન કાર્યક્ષમ અસ્કયામતો(એનપીએ)માં વધારાના મામલે ચેતવણી આપી છે.

નાણાં મંત્રાલયના સુત્રોના જણાવ્યાનુસાર રિઝર્વ બેન્કે મંત્રાલયને ચેતવણી આપી છે કે આ યોજના વદુ ચલાવાશે તે તેનાથી એનપીએમાં જંગી વધારો થઇ શકે છે. જેનાથી બેન્કીંગ સિસ્ટમને ખાસ્સુ નુકશાન થશે. હાલમાં પીએમએમવાય યોજના હેઠળ બેડ લોન્સનો આંકડો ૧૧,૦૦૦ કરોડને પાર કરી ગયો છે.પીએમએમવાયના વાર્ષિક યોજના મુજબ સ્કીમ હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮માં આ યોજના હેઠળ કુલ ૨.૪૬ ટ્રીલીયનની વહેચણી કરાઇ છે.આમાંથી ૪૦ ટકા લોન મહિલા ઊદ્યોગ સાહસિકોને અપાઇ છે તો ૩૩ ટકા લોનની વહેચણી સામાજિક કેટેગરીમાં વહેચાઇ છે.આ ગાળામાં ૪.૮૧ કરોડથી વધુ નાના ઊદ્યોગ સાહસિકોએ આ યોજનાનો ફાયદો લીધો છે.

જો કે ચુંટણી નજીક આવી રહી હોવાથી સરકાર આ બાબતે ચિંતિત નથી.


ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪





વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# શિવસેનાને હરાવનાર પેદા જ થયા નથી : ઉદ્દવ ઠાકરે



લોકસભાની ચુંટણી અગાઉ ગઠબંધન નહી થવાની સ્થિતિમાં પોતાના પુર્વ સહયોગી પક્ષોને હરાવવા અંગે ભાજપ વડા અમિત શાહની ટિપ્પણી શિવસેનાને માફક આવી નથી. સેના પ્રમુખ ઉદ્દવ ઠાકરેએ તેમના પર આકરા પ્રહારો કરતાં કહ્યુ હતું કે તેમની પાર્ટીને હરાવનાર હજુ સુધી જન્મ્યો નથી. ઉલ્લેખનીય છે કે શિવસેના કેન્દ્ર અને મહારાષ્ટ્રની સરકારમાં ભાજપની સહયોગી પાર્ટી છે.

અમિત શાહની ટિપ્પણીની ટીકા કરતાં ઠાકરેએ કહ્યુ હતું કે મે કોઇની પાસેથી 'પછાડી દઇશું' જેવા શબ્દો સાંભળ્યા છે. શિવસેનાને હરાવનાર હજુ જન્મ્યો નથી. ૨૦૧૯ની લોકસભાની ચુંટણી અગાઉ મોદી લહેર પર નિશાન તાકતાં ઠાકરેએ કહ્યુ કે શિવસેનાએ તેની યાત્રામાં અનેક લહેરો જોઇ છે.તેનાથી વિપરિત શિવસેનાએ ચુંટણી અગાઉ રામમંદિરનો મુદ્દો ઉઠાવ્યો હતો એ એટલા માટે કે તે આ મુદ્દાનો ચુંટણીલક્ષી ઉપયોગ કરનારાઓનો પર્દાફાશ કરી શકે.

ઠાકરેએ સવાલ કર્યો હતો કે અમને જણાવો કે કોગ્રેસ કઇ રીતે મંદિરના નિર્માણમાં અવરોધ ઊભી કરી રહી છે.કોગ્રેસને તેના કામનું ફળ ૨૦૧૪માં મળી ગયું હતું.પાર્ટીને લોકસભામાં વિપક્ષના નેતાનું પદ પણ મળી શક્યું નથી.

આમ હવે જ્યારે ભાજપ લોકસભા ચુંટણી પહેલાં એનડીએને મજબુત બનાવવા માટે કોશીશ કરી રહ્યું છે ત્યારે તેને સૌથી જુના સહયોગી શિવસેનાના હજુ આકરા વલણો નડી રહ્યા છે.ઉધ્ધવ ઠાકરેએ વર્લી વિસ્તારમાં એક જાહેરસભામાં ઉપરોક્ત પ્રતિક્રિયા આપી હતી.ઉદ્દવે કહ્યુ હતું કે નીતિશકુમારની જદયુ અને રામવિલાસ પાસવાનની લોજપા જેવી ભાજપની સહયોગી પાર્ટીઓ વિરોધ કરી રહી છે ત્યારે મંદિરનું નિર્માણ કેવી રીતે થશે.ભાજપે આ મામલે તેની સ્થિતિ સ્પષ્ટ કરવી જોઇએ.

ઉલ્લેખનીય છે કે એનડીએની સહયોગી શિવસેના ભાજપની આકરી ટીકાકાર રહી છે અને તેના પર પ્રહારો કરવાની એકપણ તક છોડતી નથી.લોકસભાની ચુંટણી વખતે બંને પક્ષો તાલમેળ કેવી રીતે રાખશે કે કેમ તે એક સવાલ છે.

## જસ્ટીસ શિકરી સીબીઆઇના કાર્યકારી વડા રાવની નિમણુંક અંગે સુનાવણી નહીં કરે

સુપ્રીમ કોર્ટના જજ જસ્ટીસ એ.કે.સિકરીએ સીબીઆઇના વચગાળાના ડિરેકટરપદે એમ.નાગેશ્વર રાવની કેન્દ્રે કરેલી નિમણુંકના નિર્ણયને પડકારતી અરજીની સુનાવણીમાંથી પોતાની જાતને ખસેડી લીધી છે.જેસ્ટીસ સિકરીની આગેવાની હેઠળની બેન્ચે સુનાવણી માટે આ કેસનું લિસ્ટીમગ અલગ બેન્ચને કર્યુ હતું.જસ્ટીસ સિકરી સીબીઆઇના ડિરેકટરપદેથી આલોક વર્માને હાંકી કાઢનાર ટોચની સમિતિમાં હતા. આ મામલે સુનાવણી માટે આવતાંજ તેમણે કહ્યુ હતું કે તેઓ આ કેસની સુનાવણી કરવાનું પસંદ કરશે નહી.અને પોતાની જાતને તેમાંથી અલગ કરી રહ્યા છે.


ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૯૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.